ફતેપુરાથી ડુંગર, ગઢરા, માનગઢ તરફ જતા માર્ગની નવીનીકરણ સાથે ડબલ ટ્રેક બનાવવા માંગ

સાંસદથી માંડી ધારાસભ્ય અને તાલુકા- જિલ્લા પંચાયતના સભ્યો આદિવાસી છતાં **ગુરુ ગોવિંદ ધામનો રસ્તો બનાવવામાં નિરસતા કેમ?** ચર્ચાતો વિષય

ફતેપુરાથી માનગઢને જોડતો 'માર્ગ' તૂટ્યો

ગુરુ ગોવિંદની ધુણીના દુનિયા દર્શને જતાં ફતેપુરા તાલુકાની પ્રજાને ભારે મુશ્કેલી

(પ્રતિનિધિ) સુખસર,તા.4 માનગઢ ધામની પવિત્ર ભૂમિ આદિવાસી સમાજની આસ્થા નું કેન્દ્ર અને ગુરુ ગોવિંદની તપોભૂમિ તરીકે ઓળખવામાં આવે છે.માનગઢ ધામ ખાતે 24 કલાક અખંડ ધૂણી ચાલતી આવી છે.ગુજરાત સહિત અનેક રાજ્યોના આદિજાતિના લોકો માટે પવિત્ર યાત્રાધામ છે.અહીંયા દર પુનમે ખાસ કરીને માક્ષરી પૂનમે ભવ્ય મેળો ભરાય છે.સાથે 17 નવેમ્બરે બલિદાન શતાબ્દી સમારોહ સહિત અનેક દિવસોમાં માનગઢની પવિત્ર ધૂણી પર હજારોની સંખ્યામાં લોકો આવતા જતા હોય છે.માનગઢ ખાતે મોટી સંખ્યામા પહોંચી ગુરુ ગોવિંદની ધુણીના દુનિયા દર્શન કરી પ્રતિમાને ફુલહાર ચઢાવી પ્રદર્શની નિહાળી ધન્યતા અનુભવતા હોય છે.

ગુજરાત સરકાર તેમજ રાજસ્થાન સરકાર દ્વારા માનગઢ ધામનો છેલ્લા દસ વર્ષમાં બહોળો વિકાસ કરવામાં આવ્યો છે.પવિત્ર યાત્રાધામ હોવાથી આ સ્થળ પર દૈનિક હજારો લોકો અવર-જવર કરતા હોય છે.જેના કારણે લોકોની આજીવિકા માટેનું પણ સ્થળ બન્યું છે.પરંતુ માનગઢ તરફ આવવા જવાના માર્ગોને ડબલ ટ્રેક બનાવવામા તંત્ર તેમજ ગુજરાત સરકાર ઉદાસીનતા દાખવામા આવી રહી છે.ફતેપુરા થી ડુંગર,ગઢરા, માનગઢ તરફનો માર્ગ સાવ સિંગલ પટ્ટી અને તૂટેલો છે.તેમ છતાં આ માર્ગને ડબલટ્રેક કે નવીન બનાવવાની કામગીરી કરવામાં આવતી નથી. ભમરીકુંડાથી માનગઢ તરફ જવાનો માર્ગ પણ ગત ચોમાસામાં વરસાદી માહોલમાં ધરાશયી થઈ જતા તે પણ તૂટી જવા પામ્યો હતો.પરંતુ આજ દિન સુધી આ માર્ગની મરામત કામગીરી હાથ ન ધરાતા ભક્તોમાં રોષ ફાટી નીકળેલો જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા ફતેપુરા થી માનગઢ તરફના માર્ગો તેમજ ભમરીકુંડાના માર્ગોની મરામત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.

ઘરેણા વેચવા નીકળ્યો અને આબાદ ઝડપાઇ ગયો

ગોધરામાં ૫૧ હજારના ચાંદીના ઘરેણાની ચોરી કરનાર ઝડપાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.4 ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગોધરાના સોનીવાડ વિસ્તારમાંથી થયેલી રૂ. 51,747ની કિંમતના ચાંદીના ઘરેણાની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે બાતમીના આધારે એક શખ્સ ચાંદીના ઘરેણાં વેચવાની ફિરાકમાં કળશ સર્કલ પાસે ઊભો છે. જેના આધારે વોચ ગોઠવીને સોયેબ ઉર્ફે માટુંગા ઉર્ફે શીવા હુસેન ગુણીયા રહે. વચલા ઓઢા, રહેમાનિયા મસ્જિદ પાસે, ગોધરા નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. તેની પાસે રહેલા ચાંદીના ઘરેણાંની માલિકી અંગે પોલીસે આધાર-પુરાવા માંગતા તે ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યો હતો. પોલીસે તેની પાસેથી જુદી-જુદી કિંમતની ચાંદીની પાયલો, ચાંદીના કડા, વેઢ, ચાંદીનો કેડ જુડો અને ચાંદીની માળા મળીને કુલ રૂ. ૫૧,૭૪૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગત તા. ૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે સાતેક વાગ્યાના સુમારે તેણે ગોધરા સોનીવાડમાં ઠક્કર ખમણની પાસે આવેલી સોનીની દુકાન આગળ પાર્ક કરેલા એક મોટરસાયકલના હૂક પર લટકાવેલી કાપડની થેલી નજર ચૂકવીને ચોરી લીધી હતી. ઘરે જઈને તપાસ કરતા તેમાંથી આ ચાંદીના ઘરેણાં મળી આવ્યા હતા. આરોપીની આ કબૂલાતને આધારે પોલીસે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ સ્ટેશન રોડ સ્થિત ભગવાન નેમિનાથ નસિયાજીનો ધ્વજારોહણ કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધિ) ગોધરા તા.4 દાહોદ શહેરના સ્ટેશન રોડ સ્થિત ભગવાન નેમિનાથ શેઠજીની નસિયાજીમાં આજે શિખરે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

વહેલી સવારથી ભગવાન નેમિનાથજીના અભિષેક, પૂજા અને આરતીની વિધિઓ વિધાન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ લગભગ ૧૦ કલાકના સમયે સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા શ્રદ્ધાળુઓ અને શેઠ પરિવાર દ્વારા ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. માળખાના શિખરે ધ્વજારોહણ કરાયું હતું. પ્રતિવર્ષ આજના દિવસે મંદિરનું ધ્વજારોહણ કરાય છે તે જ રીતે આ વર્ષે પણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કાલોલ તાલુકાના શિક્ષકોમાં આનંદની લાગણી છવાઇ

ત્રણ કાર્યકર્તાને જિલ્લાની ટીમમાં જવાબદારી અપાઇ

(પ્રતિનિધિ) કાલોલ તા.4 આજરોજ ગોધરા કલરવ સ્કૂલ ખાતે અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ પંચમહાલ ની વાર્ષિક સાધારણ સભા તેમજ કારોબારીની બેઠક યોજાઈ. જેમાં અધ્યક્ષ તરીકે ગોધરા તાલુકાના અશ્વિનભાઈ પટેલ તેમજ મહામંત્રી તરીકે વિરેન્દ્રસિંહ ઠાકોર સંગઠન મંત્રી તરીકે દિનેશભાઈ પટેલ તથા કોષાધ્યક્ષ તરીકે દર્શનભાઈ પંચાલની નિયુક્તિ કરવામાં આવી તથા પંચમહાલ જિલ્લાની ટીમમાં વિશેષ કાલોલ તાલુકાના સંગઠન મંત્રી જનકસિંહ રાઠોડને ઉપાધ્યક્ષ નો હોદ્દો આપવામાં આવ્યો તેમજ કાલોલ તાલુકાના અધ્યક્ષ

વિનોદકુમાર અમીનને રાજ્ય પ્રતિનિધિ તરીકેની જવાબદારી સોંપાઈ તથા રમણીકભાઈ વણકર ને જિલ્લા આંતરિક ઓડિટર તરીકે ની જવાબદારી સોપાતા કાલોલ તાલુકા ના શૈક્ષિક મહાસંઘના કાર્યકર્તાઓમાં તેમજ શિક્ષકોમાં લાગણી અને આનંદનું મોજું ફરી વળેલ છે આજની આ કારોબારીની રચના જોતા યુવાનોમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા હાંકલ કરાઈ હતી.

વૃદ્ધને પાળિયાથી ઘા , જાનથી મારી નાખવાની ધમકી !

હાલોલના કાકરા ડુંગરી ગામમાં જમીન મામલે ઉગ્ર ધિંગાણું

(પ્રતિનિધિ) હાલોલ તા.4 હાલોલ તાલુકાના કાકરા ડુંગરી ગામમાં રહેતા જયદીપભાઈ ભળવંતભાઈ પરમાર જે પોતાના પરિવાર સાથે રહે છે અને ખાનગી નોકરી કરીને ગુજરાન ચલાવે છે. તેમના પિતા ભળવંતભાઈ શંકરભાઈ પરમાર સવારના સમયે પોતાની ભેંસોને ચરાવવા માટે ખેતરમાં ગયા હતા. સવારે આશરે દસ વાગ્યાના અરસામાં ગામની સવિતાબેન દ્વારા જયદીપભાઈને જાણ કરવામાં આવી કે તેમના પિતાને ગામના અર્જુનભાઈ કાંતીલાલ નાયક સાથે ઝઘડો થયો છે અને તેઓને ઈજા પહોંચી છે. આ માહિતી મળતા જ જયદીપભાઈ તરત જ ખેતર તરફ દોડી ગયા, જ્યાં તેમના પિતા લોહીલુહાણ હાલતમાં મળ્યા. ફરીયાદ મુજબ, ભળવંતભાઈએ જણાવ્યું હતું કે ખેતરમાં ભેંસો ચરાવતા હતા ત્યારે પડોશી ખેતરના માલિક અર્જુનભાઈ કાંતીલાલ નાયકએ જમીન માપણીના મુદ્દે વાદવિવાદ શરૂ કરી ગડદાપાટુ મારી જમીન પર પટકવામાં આવ્યા હતા. પાળિયાના પાછળના ભાગથી ભળવંતભાઈના જમણા હાથના અંગૂઠા તેમજ કપાળના ભાગે ઘા મારતા લોહી વહી નીકળ્યું હતું. વચ્ચે બચાવ કરવા આવતા ગામના રમેશભાઈ ખાતુભાઈ નાયકના હસ્તક્ષેપથી વધુ મારામારી અટકાવવામાં આવી હતી.

હાલોલના સાથરોટા ગામની સિમમાંથી નીલ ગાયનું રેસ્ક્યુ

હાલોલ : હાલોલ તાલુકાના સાથરોટા ગામની સીમમાં કૂતરાઓ દ્વારા નીલ ગાયને પકડી ઈજા પહોંચાડાતા રાકેશભાઈ દ્વારા ટેલિફોનિક રીતે સિદ્ધાંત જીવદયા ટીમ ના પિન્ટુભાઈ ને જાણ કરાતા ટીમ ના મેમ્બર સ્થળ પર જઈ તપાસ કરી તો અગાઉ 3 થી ચાર દિવસ પેહલા ઘાયલ નીલ ગાય હતી અને આજ સવારે સાથરોટા ગામની સિમમા રાકેશભાઈ ના ઘર ની પાસે નીલ ગાય ને કુતરાઓ દ્વારા પકડી પાડેલ હતી.નજીક માં રહેતા અને કામ કરતા આસપાસ ના લોકો દોડી આવી નીલ ગાય ને કુતરાઓ ના શિકાર થી બચાવે તે પેહલા કુતરાઓ યે નીલ ગા ય ને ગંભીર ઈજાઓ પોહચાડી લોહી લુહાણ કરી નાખેલ હતી જેનું રેસ્કયૂ કરવામાં આવ્યું હતું.

દાહોદ રળિયાતી રોડની વિનાયક માર્કેટમાં મારામારી

ભાગદોડ દરમિયાન બાળકનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ) સુખસર,તા.4 દાહોદ શહેરના રેલ્વે રોડ વિસ્તારમાં હાડા હોસ્પિટલની સામે આવેલ વિનાયક માર્કેટ ખાતે મારામારીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ફોરવ્હીલ ગાડીના આગળના કાચને નુકસાન પહોંચાડીને કેટલાક લોકો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનામાં વધુમાં જાણવા મળ્યું છે કે ભાગદોડ દરમિયાન એક નિર્દોષ બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું, જેને સારવાર મળે તે પહેલાં જ તેનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાને લઈને વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

આ મામલે વધુ માહિતી મેળવવા માટે સીસીટીવી ફૂટેજ તેમજ સ્થાનિક લોકોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ ચાલુ છે.

બનાવના પગલે વિસ્તારમાં તંગદીલીનો માહોલ સર્જાયો હતો અને પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો.

મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી

શ્રી માધવાચાર્યજી મહારાજનું રામાનંદ પાર્ક પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ,તા.4 મુંબઈ થી વૃંદાવન જતા દાહોદ દાહોદ થી પ્રસાર થતા દાહોદ.ઉત્તર પ્રદેશ ના વૃંદાવન મુકામે આવેલ આધ બરાહ ઘાટ આશ્રમ મુકામે તા.૫ મી એપ્રિલ થી ૧૦ મી એપ્રિલ ૨૦૨૬ સુધી વ્રજ ચોર્યાશી કોશ પરિક્રમા તથા ૧૧ મી એપ્રિલ થી ૧૫ મી એપ્રિલ ૨૦૨૬ સુધી યોજાનારા વિશ્વ કલ્યાણ માટે શ્રી રામ મહાયજ્ઞ અને સવાલાખ હનુમાન ચાલીસા ના માગંલિક કાર્ય માટે મુંબઈ થી વૃંદાવન ટ્રેન દ્વારા જઈ રહેલા યજ્ઞ

સમ્રાટ પરમાધ્યક્ષ શ્રી ટીલા દ્વારા ગાધાચાર્યે મંગલપીઠાધીશ્વર શ્રી શ્રી ૧૦૦૮ માધવાચાર્યજી મહારાજ શ્રી દાહોદ થી પ્રસાર થતા દાહોદ ના ભક્તજનો માં આનંદ ની લાગણી થઇ હતી દાહોદ રામાનંદ પાર્ક ના મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ શ્રી ના માર્ગદર્શન હેઠળ શ્રી માધવાચાર્યજી મહારાજ શ્રી નું રામાનંદ પાર્ક પરિવાર તરફથી તથા મહંતશ્રી અમિતદાસજી. મંહતશ્રી માધવદાસજી.રામાનંદ પાર્ક મહિલા મંડળ.રાષ્ટીય હીન્દુ સંધ ના કાર્યે કર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું સાથે સાથે તેઓ શ્રી તથા મહારાજ શ્રી સાથે યાત્રા પ્રવાસ માં જોડાયેલ સંતો મહંતો માટે ભોજન પ્રસાદી ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શંકરભાઈ ખાંટનું કાલોલ ઘટક સંઘમાંથી રાજીનામું

ઘટક સંઘના સિનિયર ઉપપ્રમુખ શૈક્ષિક મહાસંઘમાં જોડાયા

(પ્રતિનિધિ) કાલોલ ,તા.4 આજરોજ પંચમહાલ જિલ્લા અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘની જિલ્લા કારોબારી ગોધરા ખાતે યોજાયેલ હતી જેમાં કાલોલ તાલુકાના સણસોલી પગાર કેન્દ્રના હરખાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક અને કાલોલ તાલુકાના પ્રાથમિક શિક્ષક ઘટક સંઘના સિનિયર ઉપપ્રમુખ શંકરભાઈ ધીરાભાઈ ખાટ આજરોજ જિલ્લા કારોબારીમાં અખિલ ભારતીય શૈક્ષણિક મહાસંઘની વિચારધારા અને એમની કાર્યપ્રણાલિ થી પ્રભાવિત થઈને છેલ્લા કેટલાય માસથી આ સંગઠન સાથે જોડાવાની વિચારધારા રાખતા હોય તેઓ આજરોજ કારોબારીમાં ઉપસ્થિત રહી પોતાની સ્વેચ્છાએ અત્રેના અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘના સંગઠનમાં સ્વૈચ્છિક રીતે પ્રાંતના મુખ્ય હોદ્દેદારો પરેશભાઈ પટેલ મહામંત્રી તથા અનિરુદ્ધસિંહ સોલંકી તથા સંગઠન મંત્રી હિતેશભાઈ બોપાણી ની હાજરીમાં કુલહાર પહેરી અને વિધિવત રીતે શૈક્ષિક મહાસંઘ માં જોડાયા હતા તે બદલ કાલોલ તાલુકાનો સમગ્ર શિક્ષક પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

ઇજાગ્રસ્તોને સુખસર બાદ વધુ સારવાર માટે ઝાલોદ ખસેડાયા

સુખસર તાલુકાના મોટીઢઢેલીમાં ટેમ્પોનું શિર્ષાસન : એકનું મોત

(પ્રતિનિધિ) સુખસર,તા.4 સુખસર તાલુકાના મોટીઢઢેલી બારીયા ફળિયા ખાતે રહેતા ચીમનભાઈ હરસિંગભાઈ બારીયા નાઓ પત્ની તથા તેમના ત્રણ બાળકો સહિત ગામના અન્ય શ્રમિક મહિલા-પુરુષો તલોદ તાલુકાના માધવગઢ ગામે ઘઉં કાપવાની મજૂરી કામે ગયેલા હતા. જ્યાંથી ભાગના ઘંઉ લઈ મોટી ઢઢેલી વતનમાં આવવા નીકળ્યા હતા.રાત્રિના સવા બાર વાગ્યાના અરસામાં મોટી ઢઢેલીના બારીયા ફળિયા ઢાળના વળાંકમાં આવતા ટેમ્પા ચાલકની બેદરકારીથી સ્ટિયરીગ ઉપરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી મારતા ટેમ્પો સવાર શ્રમિકો ઘઉંની બોરીઓ નીચે દબાતા ચીચાચીસ કરી મુકતા આસ પાસ માંથી લોકો દોડી આવ્યા હતા. અને ઘઉંની બોરીઓ નીચે દબાયેલા શ્રમિકોને અને બાળકોને બહાર કાઢવામાં આવ્યા હતા.જેમાં રાહુલભાઈ ચીમનભાઈ બારીયા(ઉંમર વર્ષ 12)રહે.મોટી ઢઢેલીના ઓને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.જ્યારે આ ટેમ્પોમાં સવાર અન્ય 18 જેટલા શ્રમિકોને સુખસર સરકારી દવાખાનામાં લાવી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ઝાલોદ રીફર કરવામાં આવ્યા હતા.

ગુજરાત માટે મિટિંગ યોજાઈ

સમસ્ત બ્રહ્મ સમાજ હાલોલ એકમના હોદ્દેદારોની નિમણૂંક

(પ્રતિનિધિ) હાલોલ,તા.4 હાલોલ સમસ્ત બ્રહ્મ સમાજ ની મીટીંગ નવા વર્ષના હોદ્દેદારો ની નિમણૂક કરવા તેમજ આગામી શ્રી પરશુરામ જયંતિ અન્વયે કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવા યોજવામાં આવેલ હતી .

આ સમગ્ર મીટીંગ નું આયોજન સાંજના 6-00 કલાકે બ્રાહ્મણ પંચની વાડી ખાતે રાખેલ હતી જેમાં નવા વર્ષના પ્રમુખ તરીકે ભાવેશભાઈ જોષી ઉપપ્રમુખ દિલીપભાઈ કાકા, મહામંત્રી સંજયભાઈ કાકા,પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી કારોબારી અધ્યક્ષ મહેશભાઈ શર્મા, કોષાધ્યક્ષ અતુલભાઈ પંડ્યા યુવા પાંખ પ્રમુખ પાર્થ વ્યાસ ઉપપ્રમુખ ભૌમિક પંડ્યા, મહામંત્રી હરેશ જાની, બીજલ કાકા મહિલા પાંખ પ્રમુખ કલ્પનાબેન ભટ્ટ ઉપપ્રમુખ મીનાબેન પંડ્યા, મહામંત્રી ફાલ્ગુનીબેન ત્રિવેદી રેણુકાબેન વ્યાસ કારોબારી અધ્યક્ષ સુરભીબેન ઠાકર ની વરણી કરવામાં આવી હતી.

વેજલપુર ગ્રામીણ ટુર્નામેન્ટમાં મિર્ઝા ઈલેવનનો વિજયી

કાલોલ : વેજલપુર મુસ્લિમ સમાજ આયોજિત ગ્રામીણ ટુર્નામેન્ટ સિઝન-2 નો શાનદાર સમાપન થયો છે. ફાઈનલ મેચમાં વેજલપુરની જ બે દિગ્ગજ ટીમો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો હતો, જેમાં મિર્ઝા ઈલેવને યંગ ઈલેવનને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી છે.આ ટુર્નામેન્ટમાં પંથકની કુલ 6 ટીમોએ કૌવત બતાવ્યું હતું, જેમાં બોરૂની 2, વેજલપુરની 3 અને રાજગઢની 1 ટીમનો સમાવેશ થયો હતો. ફાઈનલ મેચમાં બે સ્થાનિક ટીમો સામસામે હોવાથી પ્રેક્ષકોમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી અને મોટી સંખ્યામાં લોકો મેચ જોવા ઉમટી પડ્યા હતા.

કાલોલના પુષ્ટિ સંપ્રદાયનું વૈશ્વિક ગૌરવ

શ્રી અભિષેકલાલજી મહારાજને ફ્રાંસની યુનિ. દ્વારા 'ડોક્ટરેટ'ની પદવી એનાયત

(પ્રતિનિધિ) કાલોલ,તા.4 પંચમહાલ જિલ્લાના કાલોલ સ્થિત ગોવર્ધનનાથજી મંદિરના ગાદીપતિ અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિમાં અનેરું સ્થાન ધરાવતા પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી અભિષેકલાલજી મહારાજ (કાલોલ-મથુરા-રાજકોટ) ને તેમની વર્ષોની નિઃસ્વાર્થ સમાજસેવા અને માનવતાવાદી કાર્યો બદલ આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત થયું છે. ફ્રાંસની પ્રતિષ્ઠિત કેનેડી યુનિવર્સિટી દ્વારા મહારાજશ્રીને

'ફિલોસોફી ઈન સોશિયલ સર્વિસ' વિષયમાં માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા છે, જે સમગ્ર પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સંપ્રદાય માટે ગૌરવની ક્ષણ છે.સેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ મહારાજશ્રી છેલ્લા ૨૬ વર્ષોથી સમાજ સેવા, ગૌ સેવા અને સનાતન ધર્મના પ્રચારમાં સક્રિય છે. તેમની સેવાકીય પ્રવૃત્તિઓ માત્ર ધાર્મિક સીમાઓ સુધી મર્યાદિત ન રહેતા માનવતાના દરેક પાસાને સ્પર્શે છે. ગાયો પ્રત્યે અપાર સ્નેહ ધરાવતા મહારાજશ્રી દ્વારા અનેક ગૌશાળાઓનું સંચાલન અને કેટલ કેમ્પના આયોજનો કરવામાં આવે છે.

બલૈયા ખાતે 'વિજય સંકલ્પ' બેઠક યોજાઈ

સુખસરમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે એમ.એમ.રાઠોડની નિમણૂક

(પ્રતિનિધિ) સુખસર,તા.4 સુખસર પોલીસ સ્ટેશનમાં મહત્વપૂર્ણ વહીવટી બદલાવ હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે એમ.એમ. રાઠોડને નિમણૂક આપવામાં આવી છે. તેઓએ પોતાની નવી જવાબદારી ની કમાન સંભાળી લીધી છે. અગાઉ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એસ. વરૂને દાહોદ ખાતે બદલી કરીને દાહોદ ટાઉન એ ડિવિઝનમાં ફરજ સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે,આવનાર સમયમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા આવા બદલાવો કરવામાં આવી રહ્યા છે. જેથી કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં સરળતા રહે. નવી નિમણૂક નિમિત્તે સ્થાનિક પત્રકારોએ મળીને પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ. રાઠોડને શુભેચ્છા પાઠવી હતી.નવી નિમણૂક બાદ સુખસર વિસ્તારમાં શાંતિ અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો હાથ ધરાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.